# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# RAIN OVERALL

રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ જિલ્લામાં ખાબક્યો છે. નવસારીના ખેરગામ તાલુકામાં નવ, જ્યારે વલસાડના ધરમપુર અને વલસાડ તાલુકામાં સાત–સાત ઈંચ વરસાદ નોંધાયો છે.

આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 67 ટકાથી વધુ વરસાદ આવ્યો છે. આમાંથી સૌથી વધુ 86 ટકાથી વધુ વરસાદ કચ્છ ઝોનમાં નોંધાયો છે.

જ્યારે વઘઈ અને પારડી તાલુકામાં પાંચ-પાંચ ઈંચ, વાપી, સુબિર અને ડોલવણ મળીને કુલ ત્રણ તાલુકામાં ચાર-ચાર ઈંચ તથા ઉમરગામ, તિલકવાડા અને ગણદેવી તાલુકામાં બે -બે ઈંચ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર સ્ટેટ ઇમરજન્સી ઑપરેશન સેન્ટરની યાદી પ્રમાણે, રાજ્યમાં સવારે 6થી 12 વાગ્યા દરમિયાન 70 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો છે. સૌથી વધુ એક ઈંચ વરસાદ વલસાડનાં કપરાડા તાલુકામાં વરસ્યો છે.

..........................................

**CM SOEC**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર સ્ટેટ ઇમરજન્સી ઑપરેશન સેન્ટરની મુલાકાત લીધી હતી. તેમણે વલસાડ અને નવસારી જિલ્લામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિ અંગે બંને જિલ્લાના કલેક્ટર સાથે ટેલિફોનિક વાતચીત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

મુખ્યમંત્રીએ બંને જિલ્લાના ગામોમાં નીચાણવાળા વિસ્તારના લોકોને સલામત સ્થળે ખસેડવાની સૂચના આપી હતી. ઉપરાંત વરસાદના કારણે સર્જાયેલી પૂરની સ્થિતિમાં જાનમાલનું નુકસાન ન થાય તેવી સતર્કતા અને તકેદારી રાખવા માર્ગદર્શન આપ્યું હતું.

. . . . . . . . . . . . . . . . .

## DISTRICT RAIN

નવસારી જિલ્લાના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, સાર્વત્રિક વરસાદના કારણે વાંસદાના બંને ડેમ ઑવરફ્લૉ થયા છે. અંબિકા નદી ભયજનક સપાટીથી ઉપર વહેતા ગણદેવી, ચિખલી અને ખેરગામ તાલુકામાં શાળા-કૉલેજ બંધ રાખવામાં આવી હતી. જ્યારે પૂર્ણા નદી ભયજનક સપાટીથી 2 ફૂટ નીચે વહી રહી છે.

પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પૂરોહિત જણાવે છે કે, છેલ્લા 24 કલાકમાં સાર્વત્રિક વરસાદ નોંધાતા મોસમનો સરેરાશ વરસાદ 39 ટકા સુધી પહોંચ્યો છે. જિલ્લામાં પોણા ચાર ઇંચ વરસાદ ખાબકતા

ભૂરાવાવ, બસમથક સહિતના વિસ્તારમાં પાણી ભરાતા લોકો અટવાયા હતા.

--------

## DAM LEVEL

રાજ્યમાં સાર્વત્રિક વરસાદને પગલે 206 જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૮.૧૯ ટકા જળસંગ્રહ નોંધાયો છે.

ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના પરિણામે સરદાર સરોવર ડેમમાં 61 ટકા જળ સંગ્રહ નોંધાયો છે. ૪૭ જળાશયો સંપૂર્ણ ભરાઈ ગયા છે અને ૧૦ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયું છે. ૩૮ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત સરદાર સરોવર સહિત ૨૧ ડેમ ૫૦ થી ૭૦ ટકા ભરાતા ચેતવણી આપવામાં આવી છે જ્યારે ૪૨ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે.

આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ ઉપરવાસમાં ભારે વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવરમાં ૯૨,૮૬૭ ક્યુસેક જ્યારે ઉકાઈ યોજનામાં ૮૩,૯૮૫ ક્યુસેક, દમણગંગામાં ૫૩,૪૫૬ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે.

આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૦.૩૨ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ માં ૫૨.૬૮ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૨.૧૫ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૪૫.૨૬ ટકા તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૮.૩૯ ટકા પાણીનો સંગ્રહ થયો છે.

------------------

# GNR CM VRUKSHAROPAN

'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત રાજ્યભરની 53 હજાર 65 આંગણવાડીઓમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. આ અભિયાનમાં સમગ્ર રાજ્યની આંગણવાડીઓમાં કુલ 3.15 લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સેક્ટર-3A ન્યૂની આંગણવાડીના બાળકો સાથે વૃક્ષ વાવીને આ અભિયાનનો પ્રારંભ કર્યો હતો.

શ્રી પટેલે આ અભિયાન હેઠળ ગુજરાતમાં વન વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગો દ્વારા સપ્ટેમ્બર-2024 સુધીમાં 12.20 કરોડ અને માર્ચ-2025 સુધીમાં 17 કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

----------------